તારાંકિત પ્રશ્ન                                                                                                                                 ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/1857

વિષય:

સિવિલ હોસ્પિટલ, અમદાવાદની બ્લડ બેંકમાં લોહીની બોટલો

| | | |
|---|---|---|
| સૂચના મળ્યાની તારીખ: 19/01/2024 | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 10/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 24/01/2024 |

*15/4/1857 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રમ્હા)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ જણાવવા કૃપા કરશે કે:-

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સ્વૈચ્છિક રક્તદાનમાં લોહીની કેટલી બોટલો એકત્રિત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ બોટલો પૈકી કેટલી બોટલો સરકારી અને ખાનગી હોસ્પિટલોને આપવામાં આવી,

(૩) એકત્રિત થયેલ ઉક્ત લોહીની બોટલોમાંથી ઉક્ત વર્ષવાર કેટલી બોટલો કયા કારણોસર નાશ કરવામાં આવી, અને

(૪) એકત્રિત થયેલ લોહીનો નાશ ન કરવો પડે તે માટે શા પગલા લેવામાં આવ્યા?

----